બિન સરકારી સંસ્કૃત પાઠશાળાના ફાજલ
શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને રક્ષણ
આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-સસક-૨૦૦૪-૪૧-છ,
સચિવાલય, ગાંધીનગર
તા. 30 SEP 2006

વંચાણે લીધો:-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૯-૧-૯૯નો ઠરાવ ક્રમાંક-સસક-૧૦૯૮-૯૦૫-છ
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬-૮-૨૦૦૨નો સુધારા ક્રમાંક-સસક-૧૧૯૮-ઈએમ-૫૩-ગ.૧
(૩) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળઓની કચેરીનો તા.૨૫-૨-૨૦૦૫નો પત્ર ક્રમાંક-ચ-સંપાશા-૨૦૦૪-૦૫-૩૪૫-૪૬

ઠરાવ:-

રાજયમાં ચાલતી અનુદાનિત બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને આમુખ (૧) માં દર્શાવેલ ઠરાવથી તા.૩૦-૬-૯૮ પહેલાં નિમણૂંકને એક વર્ષ પુરુ થતુ હોય એવા કર્મચારીઓને ઉકત ઠરાવોની જોગવાઈ અનુસાર ફાજલનુ રક્ષણ આપવામાં આવેલ છે. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર અને શ્રી ગુર્જર પ્રદેશ સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળ અમદાવાદે, બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને વિભાગના તા.૧૫-૫-૨૦૦૧ અને તા.૧૬-૮-૨૦૦૨ના ઠરાવની જોગવાઈ અનુસાર રક્ષણની સમય મર્યાદા વધારી આપેલ છે. તે પ્રમાણે (અનુદાનિત) સંસ્કૃત પાઠશાળાઓમાં સમય મર્યાદા વધારી આપવા વિનંતી કરતાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંસ્કૃત પાઠશાળાઓમાં આમુખ-(૨) આગળના ઠરાવની જોગવાઈના ધોરણે નીચેની શરતોએ ફાજલનુ રક્ષણ આપવાનુ ઠરાવવામાં આવે છે.

૧. તા.૩૦-૬-૯૮ સુધીમાં નિમણૂંક પામેલા તમામ કર્મચારીઓ કે જેમણે તા.૩૦-૬-૯૮ કે ત્યાર પછી પરંતુ તા.૩૦-૬-૯૯ પહેલાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેમને ફાજલ તરીકેનુ રક્ષણ મળી શકશે.

૨. જુના કેસો જોતાં ફાજલનુ રક્ષણ ન અપાયુ હોય અને કર્મચારીને છૂટા કરી દેવામાં આવ્યા હોય તેવા કેસો ફરીથી શરુ (Reopen)ન કરવા.

૩. આ નિર્ણયનો અમલ આ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

(૨) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૧-૮-૨૦૦૬ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ.ગામિત)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિઃ-

* માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
-કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
-મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ-રાજકોટ
-તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત)
-શિક્ષણ વિભાગની તમામ શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
-સીલેંકટ ફાઇલ
-નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ